સમગ્ર શિક્ષા
Samagra Shiksha

# કસ્તુરબા ગાંધી બાલિકા વિધ્યાલય (કે.જી.બી.વી.) માટે વોર્ડન કમ હેડ ટીચરની જગ્યા પર પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી પ્રતિનિયુક્તિથી નિમણૂક માટેની જાહેરાત

સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયની કુલ ૨૪૨ કેજીબીવી કાર્યરત છે, જેમાંથી પ્રાયોગિક ધોરણે સમગ્ર રાજયની ૨૪૨ કેજીબીવીમાંથી અંદાજિત કોઇપણ ૪૨ જગ્યાઓ (જે તાલુકાની જગ્યા જે તે સમયે ખાલી હશે તે તાલુકા માટે)માટે “વોર્ડન કમ હેડ ટીચર” ની જગ્યા પર જે તે તાલુકાની પ્રાથમિક શાળાના મહિલા શિક્ષકની પ્રતિનિયુક્તિથી નિમણૂંક આપવા માટે સરકારશ્રી કક્ષાએથી મળેલ વહીવટી મંજુરી અને તે માટેના શિક્ષણ વિભાગના તા.૦૨/03/૨૦૨૪ ના ઠરાવની જોગવાઇ મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાના મહિલા શિક્ષક(ગણિત-વિજ્ઞાન અને એચટાટ મુખ્ય શિક્ષક સિવાય) હોય અને જે તે તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કાર્યરત હોય (વિદ્યાસહાયક સિવાય) અને અરજી કરવાની છેલ્લી તારીખે મહત્તમ ઉંમર ૫૫ વર્ષ હોય તેઓની પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓનલાઇન અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ પ્રતિનિયુક્તિ મહત્તમ ૩(ત્રણ) વર્ષ માટે રહેશે. સારી કામગીરી કરનારની પ્રતિનિયુક્તિ વધુ ૨(બે) વર્ષ લંબાવી શકાશે એટલે કે મહત્તમ ૫(પાંચ) વર્ષ સુધી પ્રતિનિયુક્તિ રહેશે.

ઉમેદવારોએ ઓનલાઇન અરજી http://www.ssagujarat.org વેબસાઇટ પર Recruitment પર જઇ કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલાં વેબસાઇટ પર મુકેલ જિલ્લાની તાલુકાવાર કેજીબીવીની યાદી, ઠરાવ, અને સામાન્ય અને આવશ્યક શરતો તેમજ જરૂરી સૂચનાઓ વાંચી-સમજીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન કરેલ અરજીની પ્રિન્ટ લઇ પોતાની પાસે રાખવાની રહેશે. ઇન્ટરવ્યુ સમયે આ પ્રિન્ટઆઉટ તેમજ નિયત લાયકાતના ઓનલાઇન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે.

**ઓનલાઇન અરજી કરવા માટેનો સમયગાળો :**

તા.૨૭.૦૬.૨૦૨૫, શુક્રવાર બપોરે ૧૪.00 કલાકથી તા.૦૬.૦૭.૨૦૨૫, રવિવાર, રાત્રે ૨૩.૫૯ કલાક સુધી.

સહી/-
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા સેક્ટર-૧૯, ગાંધીનગર

# <u>એનેક્ષર -૧</u>

## કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કે.જી.બી.વી.) માટે વોર્ડન કમ હેડ ટીચરની જગ્યા પર પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી પ્રતિનિયુક્તિથી નિમણૂંક માટેની જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા અંગેની સૂચનાઓ

**A.** સામાન્ય શરતો :

1. આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓનલાઇન અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો તા.૨૭, જૂન-૨૦૨૫, શુક્રવાર(બપોરે ૧૪.૦૦ કલાકથી શરુ) તા.૦૬, જુલાઈ-૨૦૨૫, રવિવાર (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) રહેશે.
2. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય(કે.જી.બી.વી.) માટે વોર્ડન કમ હેડ ટીચરની જગ્યા પર પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી પ્રતિનિયુક્તિથી નિમણૂક માટેના નિયમો અને ભરતી પ્રક્રિયા અંગેના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૩/૨૦૨૪ ના ઠરાવની જોગવાઇ મુજબની સૂચનાઓ/ વિગતો ધ્યાનપૂર્વક વાંચીને અરજી કરવાની રહેશે.
3. અરજદાર જે તાલુકામાં નોકરી કરતા હોય તે તાલુકાની કેજીબીવી માટે અરજી કરી શકશે.
4. જિલ્લા કક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી અને રૂબરૂ સ્થળ પસંદગી સમયે ઉમેદવાર ધ્વારા કરવામાં આવેલ ઓનલાઇન અરજીની પ્રિન્ટ, જરૂરી પ્રમાણપત્રો અને ગુણપત્રકોની પ્રમાણિત નકલ સાથે જમા કરાવવાની હોઇ તથા તેને આધારે તેમના ગુણાંકનની ચકાસણી/ખરાઇ કરવાની હોઇ આ માટે ઉમેદવારે ઓનલાઇન અરજી સમયે દર્શાવેલ લાયકાત આધારે ગુણાંકન નિયત કરેલ હોઇ, તે સિવાયની અન્ય લાયકાતના ગુણાંકનને જિલ્લા કક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી/રૂબરૂ સ્થળ પસંદગી સમયે મેરીટ માટે માન્ય ગણાશે નહી.
5. ખરાઇ આધારે અમાન્ય ઉમેદવારોની ઉમેદવારી રદ બાતલ ગણવામાં આવશે.
6. પસંદગી સમિતિના સભ્યો સમક્ષ અગ્રતાક્રમના ઉમેદવારોને બોલાવીને તેમના તાલુકાની કેજીબીવીની જગ્યા માટે તક આપીને તેની સંમતિ મેળવીને તદ્દઅનુસાર પ્રતિનિયુક્તિથી નિમણૂંક હૂકમ આપવામાં આવશે.
7. ઉમેદવારની નિવૃતિની તારીખથી ૦૨ વર્ષ પહેલાની તારીખે પ્રતિનિયુક્તિ આપોઆપ રદ થયેલ ગણાશે જે અંતર્ગત જિલ્લા પ્રોજેકટ કો.ઓ. અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કક્ષાએ પ્રતિનિયુક્તિનો હુકમ રદ કરી જિલ્લા શિક્ષણ સમિતી હસ્તક મૂકવામાં આવશે. (પ્રતિનિયુક્તિ મેળવ્યા બાદ મહત્તમ ૦૫(પાંચ) વર્ષનો સમયગાળો પૂર્ણ થતો હોય કે ન થતો હોય તો પણ)
8. અગ્રતાક્રમના ઉમેદવાર કોઇ જગ્યા માટે પસંદગી ન દર્શાવે તો તેમનો હક જતો રહેશે અને ભવિષ્યમાં આ જગ્યા માટેનો હકદાવો કરી શકશે નહી.
9. ભરતી પ્રક્રિયા સંદર્ભે અન્ય સુચનાઓ અત્રેથી જિલ્લાઓને મોકલવામાં આવનાર પરિપત્ર મુજબની રહેશે.

**B.** આવશ્યક શરતો -

1. કેજીબીવી એ સમગ્ર શિક્ષા હેઠળ કાર્યરત ૫૦ થી ૩૦૦ કન્યાઓ માટેની નિવાસી વ્યવસ્થા છે.
2. કેજીબીવીમાં ચોકીદાર સિવાય તમામ સ્ટાફ મહિલા કર્મચારી હોવાથી માત્ર મહિલાઓએ જ અરજી કરવાની રહેશે.
3. વોર્ડન કમ હેડ ટીચર તરીકે નિમણૂંક પામેલા મહિલાએ ૨૪ કલાક કેજીબીવીમાં નિવાસી વ્યવસ્થા મુજબની કાર્યપ્રણાલીમાં રહી વોર્ડન અને મુખ્ય શિક્ષક તરીકે કામગીરી કરવાની રહેશે.
4. અરજી કરનાર ઉમેદવાર સામે નૈતિક અધઃપતન, પોલીસ કેસ, અંગત ગુન્હા, નાણાંકીય ઉચાપત સબબ જિલ્લા કક્ષાએથી કાર્યવાહી ચાલુ હોય, ખાતાકીય તપાસ ચાલુ હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે નહી.
5. વોર્ડન કમ હેડ ટીચર તરીકે નિમણૂંક પામેલા મહિલા કર્મચારીને ૨૪ કલાક કન્યાઓ સાથે રહેવાનું હોવાથી પોતાના ૫(પાંચ) વર્ષની ઉંમર સુધીના બાળકને પોતાની સાથે કેજીબીવીમાં રાખી શકશે. કુટુંબના અન્ય કોઇ સભ્યને કેજીબીવીમાં રાખી શકાશે નહીં તેમજ ભવિષ્યમાં પણ કુંટુબના કોઇ સભ્ય કેજીબીવીમાં કર્મચારી સાથે રહેતા જણાશે તો તેઓની પ્રતિનિયુક્તિ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.
6. પ્રાથમિક શિક્ષક તરીકેના પગાર ભથ્થા મળવાપાત્ર રહેશે. અન્ય કોઇ વધારાના ભથ્થા કે લાભ મળવા પાત્ર રહેશે નહીં.
7. વોર્ડન કમ હેડ ટીચરની પ્રતિનિયુક્તિથી નિમણૂંક બાદ તેઓની કામગીરી અને કાર્યફરજો અલગથી જે તે સમયે આપવામાં આવશે.
8. પ્રતિનિયુકિતથી નિમણૂંક મળેથી ઓછામાં ઓછા એક વર્ષ સુધી ફરજિયાત રીતે કામગીરી કરવાની રહેશે.

**C.** સામાન્ય સૂચનાઓ :

1. ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સમગ્ર શિક્ષાની કચેરી માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
2. ઉમેદવારે કરેલ ઓનલાઇન અરજી અન્વયે રાજય કક્ષાએથી તૈયાર થયેલ કામચલાઉ મેરીટયાદીમાં સમાવેશ થવાથી કે કોઇપણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવાથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો હકદાર થશે નહી. નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે સમગ્ર શિક્ષા પ્રોજેકટની સેવા સારુ તે નિયત કરેલ લાયકાત, શરતો અનુસાર યોગ્ય જણાતા નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક રદ કરી પડતા મુકી શકાશે. નિમણૂંક બાબતે સમગ્ર શિક્ષાનો નિર્ણય આખરી ગણાશે.
3. આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હકક/અધિકાર સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીને રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલા રહેશે નહી.

4. કોઇપણ ઉમેદવાર (૧) તેની ઉમેદવારી માટે કોઇપણ પ્રકારનો ટેકો મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૩) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવાના સંજોગોમાં કોઇપણ તબકકે ઉમેદવારી/નિમણૂંક રદ કરી શકાશે.
5. ઉમેદવારે ઓનલાઇન અરજી નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે.
6. ઓનલાઇન સિવાયની કોઇપણ અરજી જિલ્લા/રાજ્ય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહી.
7. ઉમેદવારે ઓનલાઇન અરજી કરવા માટે સૌ પ્રથમ http://www.ssagujarat.org Registration કરવાનું રહેશે. જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મ તારીખ, ઇ મેલ આઈડી, મોબાઇલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો ફોટો અને સહીનો નમૂનો 200 kb થી વધે નહી તે રીતે સ્કેન કરી Upload કરવાનો રહેશે.
8. Registration ફોર્મમાં આપેલ Email Address પર Account Activate કરવા અંગેનો Email આવશે. જેમાં Click here to Activate પર Click કરવાથી આપનું Register કરેલ Account Activate થશે. ત્યારબાદ Login થઇ જે તે જગ્યા સામે Apply Button પર ક્લીક કરી અરજી કરવાની રહેશે.
9. Online Application Save કર્યા બાદ જો અરજીમાં કોઇ ભૂલ જણાય તો Edit Button પર ક્લીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.
10. આપની અરજીને Confirm Button પર ક્લીક કરી Submit કરવાની રહેશે. Submit કરેલી અરજી જ માન્ય ગણાશે અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
11. Submit કરેલ અરજીમાં કોઇપણ પ્રકારનો સુધારો વધારો કરી શકાશે નહી જેની નોંધ લેવી.
12. ઉમેદવારે ગુણપત્રકની ચકાસણી વખતે Online કરેલ અરજી પત્રકની લીધેલ પ્રિન્ટ અને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રો અને ગુણપત્રકોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો અને ગુણપત્રકો સાથે હાજર રહેવાનું રહેશે.ઓનલાઇન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રો અને ગુણપત્રકો સિવાયના અન્ય કોઇપણ પ્રમાણપત્રો અને ગુણપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
13. પ્રતિનિયુકિતથી પસંદગી અંગેની તમામ સૂચનાઓ ઓનલાઇન મુકવામાં આવશે. તેથી પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વેબસાઇટ જોતા રહેવાનું રહેશે. આ અંગે અલગથી કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

## એનેક્ષર -૨

સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયની કેજીબીવી માટે "વોર્ડન કમ હેડ ટીચર"ની જગ્યા પર જે તે તાલુકાની પ્રાથમિક શાળાના મહિલા શિક્ષકની પ્રતિનિયુકિતથી નિમણૂંક આપવા બાબતનો શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: ED/SSA/e-file/3/2024/1016/N-Primary Education-2

તા.૦૨/૦૩/૨૦૨૪

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કે.જી.બી.વી.)માટે વોર્ડન કમ હેડ ટીચરની જગ્યા પર પ્રાથમિક શિક્ષક સંવર્ગના કર્મચારીઓને પ્રતિનિયુક્તિથી નિમણુંક આપવા બાબત.

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્રમાંક : ED/SSA/e-file/3/2024/1016/N - Primary Education-2**

**તા.૦૨/૦૩/૨૦૨૪**

**વંચાણે લીધા :**

**(૧) ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના તા.૨૪/૦૩/૨૦૧૪ ના પત્ર ક્રમાંક: F.No. 2-16/2013 EE3**

**(૨) સમગ્ર શિક્ષાની સીંગલ ફાઇલ ક્રમાંક : એસએસ/વો.કમ.હ.ટી.ભરતી/સીંગલ ફાઇલ/૨૦૨૩**

**(૩) શિક્ષણ વિભાગના શિક્ષકના બદલીના નિયમો અંગેના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧ ૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) તા.૧૧/૦૫/૨૦૨૩**

**પ્રસ્તાવના :**

રાજયમાં કન્યા શિક્ષણને વેગ આપવા માટે વર્ષ ૨૦૦૪-૦૫ થી ભારત સરકાર દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજના અમલમાં છે, જે અંતર્ગત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી., લઘુમતિ સમુદાય અને ગરીબી રેખા નીચે આવતા પરિવારોની કન્યાઓ માટે ઉચ્ચ પ્રાથમિક સ્તરે નિવાસી શાળાની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.

હાલમાં ચાલતી તમામ કેજીબીવીમાં વોર્ડન કમ હેડ ટીચર તથા ખાલી પડેલ આસી.વોર્ડન કમ હેડ ટીચરની કરાર આધારિત નિમણુંક કરવામાં આવે છે. જે કર્મચારી કેજીબીવીના તમામ પ્રકારના નાણાંકીય વ્યવહારો, હિસાબોની નિભાવણી કરે છે, તથા અન્ય વહીવટી બાબતોની કામગીરી પણ કરે છે.

કેજીબીવી માટેના બજેટને ધ્યાનમાં લેતાં, કેજીબીવીમાં કન્યાઓને ગુણવત્તા યુકત શિક્ષણ તથા અન્ય સગવડો, અલાયદી સુવિધા વગેરે મળી રહે તથા આ કેજીબીવીના સમગ્ર સંચાલન માટે મળનાર નાણાંકીય સહાય-ગ્રાન્ટ વગેરેનો યોગ્ય ઉપયોગ, નાણાંકીય ખર્ચ, નાણાંકીય નિયમો અનુસાર સુચારુ રીતે કરી શકે તેના ખર્ચના રેકર્ડ, નાણાંકીય ઔચિત્યના નિયમો અનુસાર નિભાવી શકે, તેમજ કેજીબીવીના સંચાલનના વહીવટને વધુ અસરકારક, પારદર્શક અને સુચારુ રીતે થઇ શકે તે હેતુસર "વોર્ડન કમ હેડ ટીચર" ની જગ્યાઓ કે જેમાં હાલમાં કરાર આધારિત નિમણૂક આપવામાં આવે છે, તેને બદલે કેજીબીવીમાં "વોર્ડન કમ હેડ ટીચર" ની જગ્યાઓ પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી પ્રતિનિયુકિતથી નિમણૂંક આપવા અંગેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

સમગ્ર શિક્ષા અંતર્ગત બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની પ્રાથમિક શિક્ષકમાંથી પ્રતિનિયુકિતથી નિમણૂંક માટેના નિયમો અનુસાર કેજીબીવી માટે જરુરી અને આવશ્યક ફેરફારો કરીને રાજયની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી)માં "વોર્ડન કમ હેડ ટીચર" ની જગ્યાઓ પ્રાથમિક શિક્ષકમાંથી પ્રતિનિયુકિતથી ભરવા માટેના નિયમો કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબ નકકી કરવામાં આવે છે.

**કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી)માં "વોર્ડન કમ હેડ ટીચર" ની જગ્યાઓ પર પ્રાથમિક શિક્ષકોને પ્રતિનિયુકિતથી નિમણૂક આપવા માટેના નિયમો**

**(એ) વોર્ડન કમ હેડ ટીચર ની પ્રતિનિયુકિતથી ભરતી માટેના નિયમો :વહીવટી માળખુ :**

**(i) આવશ્યક અને ફરજીયાત લાયકાત :**

(૧) જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાના મહિલા શિક્ષક (ગણિત-વિજ્ઞાન અને એચટાટ મુખ્ય શિક્ષક સિવાય)

(૨) જે તે તાલુકાની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે કાર્યરત (વિધ્યાસહાયક સિવાય)

(૩) અરજી કરવાની છેલ્લી તારીખે મહત્તમ ઉંમર ૫૫ વર્ષ

**(ii) શૈક્ષણિક અને તાલીમી લાયકાત :**

(૧) અરજદાર ધો.૧૦/૧૨/સ્નાતક પાસ સાથે પીટીસી/સમકક્ષ પરીક્ષા પાસ અથવા તાલીમી સ્નાતક/સમકક્ષ પરીક્ષા પાસ

(૨) સ્નાતક તથા તાલીમી સ્નાતક ઉપરાંતની અન્ય ઉચ્ચ શૈક્ષણિક લાયકાત વધારાની લાયકાત તરીકે ગણાશે.

(૩) ઉકત-(૧) અને (૨)ની લાયકાતો પ્રાથમિક શિક્ષકની ભરતી માટે માન્ય ગણાતી લાયકાતો મુજબની રહેશે. શિક્ષક તરીકેની નોકરી દરમ્યાન નિયમ અનુસાર મેળવેલ વધારાની માન્ય લાયકાત ગુણાંકનમાં ગણાશે.

**(iii) શૈક્ષણિક / અનુભવના ગુણાંકન : કુલ ગુણ - ૧૦૦**

| | |
|---|---|
| (૧) ધો.૧૦માં મેળવેલ ગુણના | ૧૦ ટકા |
| (૨) ધો. ૧૨માં મેળવેલ ગુણના | ૧૦ ટકા |
| (૨) પીટીસી/સમકક્ષમાં મેળવેલ ગુણના | ૧૦ ટકા |
| (૩) બીએડ/સમકક્ષમાં મેળવેલ ગુણના | ૧૦ ટકા |
| (૪) સ્નાતક/સમકક્ષમાં મેળવેલ ગુણના | ૧૦ ટકા |
| (૫) અનુસ્નાતક/સમકક્ષમાં મેળવેલ ગુણના | ૧૦ ટકા |
| (૬) એમ.એડ./એમફીલ મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| (૭) પીએચડી ડીગ્રી/નેટ/સ્લેટ | ૦૫ ટકા |
| (૮) અનુભવ(પ્રત્યેક વર્ષના ૧ ગુણ મુજબ મહત્તમ ૨૫ ગુણ) | ૨૫ ગુણ |
| (૯) કોમ્પ્યુટર કૌશલ્ય (પ્રાથમિક શિક્ષક ભરતી માટે માન્ય) | ૦૫ ગુણ |

**નોંધ : સમકક્ષ લાયકાત માટે પ્રાથમિક શિક્ષકની ભરતી માટે માન્ય તમામ લાયકાત ગણવી. તમામ લાયકાતોમાં કુલ ગુણનું (ગ્રોસ)ગુણાંકન ગણવું.**

**(બી) વોર્ડન કમ હેડ ટીચર ની પ્રતિનિયુકિતથી પસંદગી માટેની ભરતી પ્રક્રિયા :**

**(i) ઓનલાઇન અરજી મેળવવાની પ્રક્રિયાઃ**

(૧) રાજ્ય કક્ષાએથી વર્તમાનપત્રમાં/વેબસાઇટ પર જાહેર પ્રસિદ્ધિ કરીને ઓનલાઇન અરજીઓ મેળવવામાં આવશે.

(૨) અરજી કરનાર ઉમેદવાર સામે નૈતિક અધઃપતન, પોલીસ કેસ, અંગત ગુના, નાણાંકીય ઉચાપત સબબ જિલ્લા કક્ષાએથી કાર્યવાહી ચાલુ હોય તેવા ઉમેદવારોને જિલ્લા કક્ષાએથી ખરાઇ કરી અમાન્ય કરવા. આ સિવાયના અન્ય કારણોસર તપાસની કાર્યવાહી ચાલુમાં હોય તેવા કિસ્સામાં તપાસનો નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે તે શરતે ઉમેદવારી માન્ય રહેશે તે શરતે ઉમેદવારી માન્ય રહેશે.

(૩) અરજી કરનાર ઉમેદવાર અરજી કરવા માટે નિયત કરેલ નોર્મ્સ/માપદંડો પરિપૂર્ણ કરે છે, તેમ માનીને ઉમેદવારોની ઓનલાઇન અરજીમાં દર્શાવેલ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત, અનુભવના ગુણાંકન આધારે જે તે તાલુકાની કેજીબીવી માટેના **વોર્ડન કમ હેડ ટીચર** માટે જે તે તાલુકાવાર પ્રોવિઝનલ મેરીટયાદી તૈયાર કરીને રાજ્ય કચેરી દ્વારા જિલ્લાઓને મોકલી આપવામાં આવશે.

**(ii) રાજય કક્ષાએથી મોકલેલ પ્રોવીઝનલ મેરીટયાદી આધારે જિલ્લા કક્ષાએથી કરવાની થતી કાર્યવાહી :**

(૧) રાજય કક્ષાએથી મોકલવામાં આવેલ પ્રોવીઝનલ મેરીટયાદીના આધારે તમામ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે બોલાવીને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની તેના અસલ પ્રમાણપત્રો આધારે ચકાસણી કરીને જે તે તાલુકાવાર મેરીટયાદી બનાવવાની રહેશે. પ્રમાણપત્ર ચકાસણીની પ્રક્રિયા જિલ્લા પસંદગી સમિતિ મારફતે કરવાની રહેશે.

(૨) મેરીટયાદીના ગુણાંકન સંદર્ભે કે કોઇ પ્રમાણપત્ર સંદર્ભે ઉમેદવારને કોઇ વાંધો/પ્રશ્ન હોય તો તેની રજુઆત/વાંધો જિલ્લા પસંદગી સમિતિને તે જ દિવસે લેખિતમાં આધારો સાથે રજુ કરવાનો રહેશે. અને વાંધા/રજુઆત અન્વયે જિલ્લા પસંદગી સમિતિએ પ્રમાણપત્ર ચકાસણીના દિવસે જ ભરતીના આ નોર્મ્સ/જોગવાઇઓને આધારે તત્કાલ નિકાલ કરવાનો રહેશે. આ અંગેનો આખરી નિર્ણય જિલ્લા પસંદગી સમિતિનો રહેશે.

(૩) અરજી કરવા માટે નિયત કરેલ નોર્મ્સ/માપદંડો પરિપૂર્ણ કરતા હોય તેવા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના ગુણાંકન આધારે વોર્ડન કમ હેડ ટીચર ની જગ્યા માટે નિયત કરેલ નીતિ અનુસાર ઉકત-(૨)ની પ્રક્રિયા બાદ જે તે તાલુકાવાર ફાઇનલ મેરીટયાદી તૈયાર કરવી.

(૪) ઉકત-(૩)મુજબ તૈયાર કરેલ તાલુકાવાર મેરીટયાદી આધારે જે તે તાલુકાની કેજીબીવીની જગ્યાઓ પર પ્રતિનિયુકિતથી નિમણુંક માટે સ્થળ પસંદગીની પ્રક્રિયા નિયમો અને જોગવાઇઓ આધારે કરવી.

**(iii) જિલ્લા પસંદગી સમિતિ**

| | |
|---|---|
| (૧) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | અધ્યક્ષ |
| (૨) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્ય |
| (૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| (૪) જિલ્લાના સરકારી મહિલા અધિકારી(વર્ગ-૧ /વર્ગ-૨) | સભ્ય |
| (૫) મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર-ગર્લ્સ એજયુકેશન | સભ્ય સચિવ |

જિલ્લા પંસદગી સમિતિના ૫ સભ્યો પૈકી ઓછામાં ઓછા ૦૩ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

**(iv)જિલ્લા પસંદગી સમિતિ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી અને ત્યાર પછીની આનુસાંગિક કાર્યવાહી :**

(૧) ઉમેદવારે કરેલ ઓનલાઇન અરજીની ૦૧(એક) નકલ અને તેમાં દર્શાવેલ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત કરેલ ૦૧(એક) નકલ સબંધિત ઉમેદવાર પાસેથી મેળવવી.

(૨)ઓનલાઇન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રો/લાયકાત સિવાય અન્ય કોઇ પ્રમાણપત્રો સ્વીકારવા નહીં.

(૩) અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની તેના અસલ પ્રમાણપત્રો સાથે જરૂરી ખરાઇ કરીને, તે સાચા હોય તો તેને માન્ય ગણવા, અન્યથા તે રદ કરવાપાત્ર હોય તો તેના કારણસર રદ કરવા, અને તે આધારે કામચલાઉ મેરીટયાદીમાં પસંદગી સમિતિએ ફેરફાર કરવો.

(૪)નોકરીના સમયગાળા તથા જન્મતારીખ અંગે હાલની શાળાના આચાર્યનું પ્રમાણપત્ર માન્ય ગણવું.

(૫) ઉક્ત-(૧) થી (૪)ની બાબતો મુજબ ચકાસણીને અંતે જે તે તાલુકાવાર સુધારેલ મેરીટક્રમ મુજબની મેરીટયાદી પસંદગી સમિતિએ તૈયાર કરી, જેમાં મેરીટ ગુણમાં ફેરફાર થતો હોય પરંતુ મેરીટક્રમમાં ફેરફાર ન થતો હોય તો તે તાલુકા માટે સ્થળ પસંદગી કરાવી, રાજય કચેરીની બહાલીની અપેક્ષાએ પ્રતિનિયુક્તિથી નિમણુંકના હુકમ આપવા. આ અંગે પશ્ચાદવર્તી અસરથી રાજય કચેરીની બહાલી મેળવી લેવી.

(૬) પસંદગી સમિતિએ તૈયાર કરેલ સુધારેલ મેરીટક્રમની યાદીમાં કોઇ ઉમેદવારના મેરીટ ક્રમમાં ફેરફાર થતો હોય તો તેવા કિસ્સામાં સ્થળ પસંદગી કરાવવી. પરંતુ તે સમગ્ર તાલુકા માટે પ્રતિનિયુક્તિ હુકમ ન આપતા રાજયકક્ષાની બહાલી મેળવ્યા બાદ હુકમ આપવા.

(૭) સ્થળ પસંદગીમાં જે તે તાલુકામાં સ્થળ પસંદગી કેમ્પના દિવસ સુધી ખાલી પડેલ જગ્યાઓ દર્શાવવી, તેમજ ભરતી દરમિયાન ખાલી પડેલ તરતની જગ્યાને પણ સ્થળ પસંદગીમાં દર્શાવવી.

(૮) મેરીટયાદીના ઉમેદવાર જે સ્થળ પસંદગી કરે તેની લેખિત સંમતિ મેળવીને, ૩(ત્રણ) વર્ષ માટે પ્રતિનિયુક્તિથી નિમણુંકનો ઓર્ડર આપવો. પ્રતિનિયુક્તિથી નિમણુંક પામેલ ઉમેદવારે ઓછામાં ઓછા ૦૧(એક) વર્ષ ફરજીયાત રીતે ફરજ બજાવવાની રહેશે.

(૯) વોર્ડન કમ હેડ ટીચરની ૦૩ વર્ષ માટે પ્રતિનિયુક્તિ દરમ્યાનની સારી કામગીરીને ધ્યાને લઇ વધુ ૦૨ વર્ષ માટે પ્રતિનિયુક્તિ લંબાવી શકાશે. આમ પ્રતિનિયુક્તિ ૦૫ વર્ષની રહેશે.

(૧૦) ૦૩ વર્ષની પ્રતિનિયુક્તિની સમીક્ષા જિલ્લાકક્ષાની સમિતિ દ્વારા કેજીબીવીના સંચાલનની કામગીરી અંગેના નિયત માપદંડો તથા પ્રવૃત્તિની સમીક્ષા કરીને સારી કામગીરીને ધ્યાને લઇ વધુ ૦૨ વર્ષ માટે પ્રતિનિયુક્તિ લંબાવી શકાશે.

(૧૧) ૦૫ વર્ષની પ્રતિનિયુક્તિ પૂર્ણ થયેથી, તે તમામને તેમની માતૃસંસ્થા જિલ્લા શિક્ષણ સમિતિને હવાલે મૂકવામાં આવશે તથા આ ખાલી પડતી તમામ જગ્યાઓ પર નવેસરથી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ માટે રાજયકક્ષાએથી નિર્ણય કરવામાં આવશે.

(૧૨) મેરીટયાદીના ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઇપણ તબકકે ગેરહાજર રહે તો તે ઉમેદવારની ઉમેદવારી આપોઆપ રદ થશે તેમજ ઉમેદવાર હાજર હોય પરંતુ કોઇપણ સ્થળ પસંદ ન કરે તેવા સંજોગોમાં તેઓ ભવિષ્યમાં આ જગ્યા માટે હકદાવો કરી શકશે નહી તેવી બાંહેધરી મેળવીને તેમનું નામ મેરીટયાદીમાંથી રદ કરવું.

(૧૩) સ્થળ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એક પણ જગ્યા ખાલી ન રહે તો જે તે તાલુકા માટે.ની પ્રતિક્ષાયાદી જિલ્લા પસંદગી સમિતિએ તૈયાર કરવી. આ પ્રતિક્ષાયાદી રાજયકક્ષાની સૂચના ન મળે ત્યાં સુધી અથવા નવી જાહેરાત આવે ત્યાં સુધી અમલી રહેશે.

(૧૪) પ્રતિનિયુક્તિથી ભરાયેલ જગ્યા કોઇ કારણસર ખાલી થાય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ પ્રતિક્ષાયાદીમાંથી સત્વરે આ ખાલી થયેલ જગ્યાઓ ભરવી.

**(V) સ્થળ પસંદગીની પ્રક્રિયા** :

(૧) જે તે સમયની ભરતી દરમિયાનની તમામ ખાલી જગ્યાઓ સ્થળ પસંદગી સમયે દર્શાવીને પારદર્શક ભરતી કરવી.

(૨) જે જગ્યા માટે સ્થળ પસંદગી કરે અથવા હક જતો કરે (સ્વેચ્છાએ અસંમતિ આપે અથવા મેરીટક્રમમાં આવતા હોવા છતાં સ્થળ પસંદ ના કરે/ગેરહાજર રહે) તેવા સંજોગોમાં તે જગ્યા પરની પ્રતિક્ષાયાદીમાંથી તેમનું નામ આપોઆપ રદ થશે અને તેમની અન્ય જગ્યા પરની સ્થળ પસંદગીની પ્રક્રિયા બાકી હોય તો તે મેરીટ યાદીમાં નામ ચાલુ રહેશે.

**(સી) ભરતી પ્રક્રિયાને અંતે પ્રતિનિયુક્તિથી નિમણુંક પામેલ વોર્ડન કમ હેડ ટીચર ના રાજીનામા મંજુર કરવાની પધ્ધતિ અને પ્રક્રિયા :**

(૧) જે વોર્ડન કમ હેડ ટીચર દ્વારા પ્રતિનિયુક્તિના ૧ વર્ષના સમયગાળા પહેલા પ્રતિનિયુક્તિ રદ કરાવવાના કિસ્સામાં અસાધ્યરોગ/ગંભીર બિમારીના કારણોસર રાજીનામું આપી શકશે. જેમાં ગંભીર માંદગીના કારણોમાં વિભાગના શિક્ષકના બદલીના નિયમો અંગેના તા.૧૧/૦૫/૨૦૨૩ના પરિપત્રના પ્રકરણ-'O'માં દર્શાવેલ અસાધ્યરોગો/ગંભીર બીમારીઓ માટેની જોગવાઇઓ તથા મહિલા કર્મચારી હોય તે માટે અનિવાર્ય સંજોગોના કારણોસર કેસ ટુ કેસ કિસ્સામાં તેના કારણો માટેના ગુણ-દોષને ધ્યાને લઇને, તેમની રાજીનામાની અરજી જિલ્લા કચેરીએ સ્વીકારીને, તે અંગેની દરખાસ્ત રાજ્ય કચેરીને મોકલવાની રહેશે.આ બાબતે સ્ટેટ પ્રોજેકટ કચેરી કક્ષાએથી નિર્ણય લેવામાં આવશે.

(૨) વોર્ડન કમ હેડ ટીચર પ્રતિનિયુક્તિના ૦૧(એક) વર્ષ બાદ પ્રતિનિયુક્તિ રદ કરાવવા રાજીનામુ આપી શકશે. આ માટેની દરખાસ્ત જિલ્લા કચેરીએ મોકલી આપવાની રહેશે. તેમજ જિલ્લા કચેરીએ દરખાસ્તની જરૂરી ચકાસણી કરીને તે દરખાસ્ત રાજ્ય કચેરીને મંજુરી માટે મોકલી આપવાની રહેશે.

(૩) ઉકત (૧) અને (૨) અન્વયે રાજ્ય કચેરી તરફથી રાજીનામું મંજુર કર્યા અંગેની બહાલી મળ્યેથી, જિલ્લા કચેરી કક્ષાએથી જે-તે કર્મચારીની પ્રતિનિયુકિત રદ કરીને સબંધિત શિક્ષણ સમિતિને હવાલે મુકવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. બહાલી મેળવ્યા પૂર્વે પ્રતિનિયુકિત રદ કરી શકાશે નહી.

(૪) સમગ્ર શિક્ષા અંતર્ગત પ્રતિનિયુકિતથી નિમણૂક પામેલ વોર્ડન કમ હેડ ટીચર પ્રતિનિયુકિત પરથી પરત મૂળ સંવર્ગ-પ્રાથમિક શિક્ષકમાં જાય ત્યારે તેવા કિસ્સામાં વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ- **'H'(6)** અને **'H'(7)**માં દર્શાવેલ કારણો માટે જે તે જોગવાઇ લાગુ પડશે.

(૫)પ્રતિનિયુકિત હેઠળ કાર્યરત વોર્ડન કમ હેડ ટીચર માટે તેમની પ્રાથમિક શિક્ષક તરીકે તમામ પ્રકારની માંગણીની બદલીઓ માટે તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ**'G'(16)** નીજોગવાઇ લાગુ પડશે

**(ડી) વોર્ડન કમ હેડ ટીચર તરીકેની પ્રતિનિયુકિત કોઇ કારણોસર રદ થાય તો તેવા સંજોગોમાં રજુઆત માટે અપીલની જોગવાઇ :**

(૧) વોર્ડન કમ હેડ ટીચરની કોઇ કારણોસર પ્રતિનિયુકિત રદ થવાના સંજોગોમાં જે તે કર્મચારીને અસંતોષ/નારાજગી હોય તો તે નીચે જણાવેલ પધ્ધતિ અનુસાર રાજયકક્ષાએ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીને અરજી કરી શકશે.

(૨) જે તે કર્મચારી તેમની પ્રતિનિયુકિત રદ કરેલ હુકમની તારીખથી દિન-૩૦માં તમામ આધાર-પુરાવા સાથે હુકમ સામે નારાજગી હોય તે નારાજગીની સ્પષ્ટ વિગતો શિષ્ટ ભાષામાં લેખિત અરજી સ્વરુપે કરવાની રહેશે. આ અરજી ૦૩ નકલમાં કરવાની રહેશે.જેની ૦૨(બે) નકલ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી અને ૦૧(એક) નકલ સબંધિત જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટર/એડી.જિલ્લા પ્રોજેકટકો ઓર્ડિનેટરશ્રીને RPAD થી ફરજીયાત મોકલવાની રહેશે.

**(ઇ) આ વોર્ડન કમ હેડ ટીચરની જગ્યા પર પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી ૦૫ વર્ષના સમયગાળાની પ્રતિનિયુકિત માટે નિમણુંક કરવાની પ્રક્રિયા સંદર્ભે અમલીકરણ અધિકારી તરીકે સમગ્ર શિક્ષાની કચેરી રહેશે.**

**આ ઠરાવની જોગવાઇઓ પરિપત્ર પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.**

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(આશિષ ચૌધરી)**
**ઉપસચિવ**
**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

**નકલ રવાના :**

- અંગત સચિવશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) નું કાર્યાલય, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૧૧/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરશ્રીઓ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, સમગ્ર શિક્ષા, સર્વે જિલ્લાઓ (સ્ટેટ પ્રોજેકટ કચેરી મારફતે)
- એડી.જિલ્લા પ્રોજેકટકો.ઓ અને શાસનાધિકારશ્રીઓ, સમગ્ર શિક્ષાની કચેરી, અમદાવાદ,વડોદરા, રાજકોટ,સુરત (સ્ટેટ પ્રોજેકટ કચેરી મારફતે)
- સિલેકટ ફાઇલ

| KGBV Status (As on March-25) | | | | | |
|---|---|---|---|---|---|
| **No.** | **District** | **Block** | **KGBV Name** | **Type** | **GOG/GOI** |
| 1 | AHMEDABAD | BAVLA | BAGODARA | III | GoI |
| 2 | AHMEDABAD | BAVLA | RAJODA | IV | GoI |
| 3 | AHMEDABAD | DHOLERA | BHADIYAD | III | GoG |
| 4 | AHMEDABAD | DHOLKA | BHETAWADA | III | GoG |
| 5 | AHMEDABAD | SANAND | SANAND | IV | GoI |
| 6 | AHMEDABAD | SANAND | VASODHARA | III | GoI |
| 7 | AHMEDABAD | VIRAMGAM | BHOJAWA | IV | GoI |
| 8 | AHMEDABAD | VIRAMGAM | SACHANA | III | GoI |
| 9 | AMRELI | JAFRABAD | JAFRABAD | IV | GoI |
| 10 | AMRELI | JAFRABAD | MITIYALA | III | GoI |
| 11 | AMRELI | RAJULA | RAJULA | II | GoI |
| 12 | AMRELI | RAJULA | RAJULA | IV | GoI |
| 13 | AMRELI | SAVARKUNDLA | SAVARKUNDLA | III | GoG |
| 14 | ANAND | ANKLAV | GAMBHIRA | III | GoG |
| 15 | ANAND | BORSAD | ZAROLA | III | GOG |
| 16 | ARAVALLI | BHILODA | BAVALIYA PAL | I | GoG |
| 17 | ARAVALLI | MALPUR | JESINGPUR | IV | GoI |
| 18 | ARAVALLI | MALPUR | KOYALIYA | III | GoG |
| 19 | ARAVALLI | MALPUR | MAGODI | III | GoI |
| 20 | ARAVALLI | MEGHRAJ | DHIMDA | III | GoI |
| 21 | ARAVALLI | MEGHRAJ | MEGHARAJ | IV | GoI |
| 22 | BANASKANTHA | AMIRGADH | LAKSHMIPURA(IQBALGADH) | III | GoI |
| 23 | BANASKANTHA | BHABHAR | BHABHAR NAVA | III | GoI |
| 24 | BANASKANTHA | BHABHAR | KARELA | III | GoI |
| 25 | BANASKANTHA | DANTA | AMBAJI (JETVAS) | III | GoI |
| 26 | BANASKANTHA | DANTIWADA | DANTIVADA | III | GoI |
| 27 | BANASKANTHA | DANTIWADA | NILPUR | III | GoI |
| 28 | BANASKANTHA | DEESA | DEESA (NAVA DEESA) | III | GoI |
| 29 | BANASKANTHA | DEESA | NESDA NAVA | III | GoG |
| 30 | BANASKANTHA | DEODAR | DEODAR | III | GoI |
| 31 | BANASKANTHA | DEODAR | VADIYA | III | GoG |
| 32 | BANASKANTHA | DHANERA | DHANERA | III | GoI |
| 33 | BANASKANTHA | DHANERA | KUNWARLA | III | GoI |
| 34 | BANASKANTHA | KANKAREJ | RATANPUR (SHIHORI | III | GoI |
| 35 | BANASKANTHA | KANKAREJ | THARA | III | GoI |
| 36 | BANASKANTHA | LAKHANI | MANKI | III | GoI |
| 37 | BANASKANTHA | LAKHANI | LAVANA | III | GoI |
| 38 | BANASKANTHA | PALANPUR | HANUMANPURA | III | GoG |
| 39 | BANASKANTHA | SUIGAM | BORU | III | GoG |
| 40 | BANASKANTHA | SUIGAM | KATAV | III | GoG |
| 41 | BANASKANTHA | THARAD | MOTI PAVAD | III | GoI |
| 42 | BANASKANTHA | THARAD | PILUDA | III | GoG |
| 43 | BANASKANTHA | THARAD | THARAD | III | GoI |
| 44 | BANASKANTHA | VADGAM | THUWAR | III | GoG |
| 45 | BANASKANTHA | VAV | DHIMA | III | GoI |
| 46 | BANASKANTHA | VAV | ETA | III | GoG |
| 47 | BANASKANTHA | VAV | VAV | III | GoI |
| 48 | BHARUCH | NETRANG | SANKOI | III | GoG |
| 49 | BHARUCH | ZAGHADIA | RANIPURA | III | GoG |
| 50 | BHAVNAGAR | BHAVNAGAR | SAMPARA(AKWADA) | III | GoI |
| 51 | BHAVNAGAR | GHOGHA | AVANIYA | IV | GoI |
| 52 | BHAVNAGAR | GHOGHA | KUDA | III | GoG |
| 53 | BHAVNAGAR | GHOGHA | GHOGHA | III | GoI |
| 54 | BHAVNAGAR | JESAR | KANTRODI | III | GoG |
| 55 | BHAVNAGAR | MAHUVA | SALOLI | III | GoG |
| 56 | BHAVNAGAR | MAHUVA | TALGAJARDA | III | GoI |
| 57 | BHAVNAGAR | MAHUVA | NICHA KOTADA | III | GoI |
| 58 | BHAVNAGAR | PALITANA | MANVAD (HADMATIYA) | III | GoI |
| 59 | BHAVNAGAR | PALITANA | SHETRUJIDEM | III | GoI |
| 60 | BHAVNAGAR | TALAJA | PAVTHI | III | GoI |
| 61 | BHAVNAGAR | TALAJA | TALAJA | III | GoI |
| 62 | BOTAD | BOTAD | BOTAD | IV | GoI |
| 63 | BOTAD | BOTAD | PATI(BOTAD) | III | GoI |
| 64 | BOTAD | RANPUR | JALILA | II | GoI |

| KGBV Status (As on March-25) | | | | | |
|---|---|---|---|---|---|
| No. | District | Block | KGBV Name | Type | GOG/GOI |
| 65 | BOTAD | RANPUR | RANPUR | IV | GoI |
| 66 | CHHOTAUDEPUR | CHHOTA-UDEPUR | HARPALPURA | III | GoG |
| 67 | CHHOTAUDEPUR | CHHOTA-UDEPUR | GAMAN FALIYA (ZOZ) | III | GoI |
| 68 | CHHOTAUDEPUR | JETPUR-PAVI | BORDHA | II | GoI |
| 69 | CHHOTAUDEPUR | JETPUR-PAVI | PALIYA | III | GoG |
| 70 | CHHOTAUDEPUR | KAWANT | SAMALVANT (AMALVANT) | III | GoG |
| 71 | CHHOTAUDEPUR | KAWANT | MOGARA | III | GoI |
| 72 | CHHOTAUDEPUR | NASWADI | POCHAMBA | II | GoI |
| 73 | CHHOTAUDEPUR | SANKHEDA | SANKHEDA | III | GoG |
| 74 | DEVBHOOMI DWARKA | DWARKA | ARAMBHADA | III | GoI |
| 75 | DEVBHOOMI DWARKA | DWARKA | DHINAKI | II | GoG |
| 76 | DEVBHOOMI DWARKA | DWARKA | DWARKA | IV | GoI |
| 77 | DEVBHOOMI DWARKA | JAMKALYANPUR | BHATIYA | III | GoI |
| 78 | DEVBHOOMI DWARKA | JAMKALYANPUR | JAM KALYANPUR | IV | GoI |
| 79 | DEVBHOOMI DWARKA | JAMKALYANPUR | SURYAVADAR | III | GoG |
| 80 | DEVBHOOMI DWARKA | JAMKHAMBHALIYA | MOTI KHOKHRI | III | GoG |
| 81 | DEVBHOOMI DWARKA | JAMKHAMBHALIYA | VADATRA | III | GoI |
| 82 | DEVBHOOMI DWARKA | JAMKHAMBHALIYA | VINJALPAR | IV | GoI |
| 83 | DOHAD | DAHOD | DHAMARDA | II | GoG |
| 84 | DOHAD | DAHOD | KHANGELA | III | GoI |
| 85 | DOHAD | GARBADA | GANGARDA | III | GoI |
| 86 | DOHAD | GARBADA | GARBADA | IV | GoI |
| 87 | DOHAD | GARBADA | KHAREDI DUNGARI(JESAVADA) | III | GoG |
| 88 | DOHAD | LIMKHEDA | AGARA (U) | III | GoI |
| 89 | DOHAD | DHANPUR | DHANPUR | IV | GoI |
| 90 | DOHAD | DHANPUR | NAVANAGAR | III | GoG |
| 91 | DOHAD | DHANPUR | PAV | III | GoI |
| 92 | DOHAD | FATEPURA | BALAIYA | III | GoG |
| 93 | DOHAD | FATEPURA | DABLARA | III | GoI |
| 94 | DOHAD | FATEPURA | VANGAD | III | GoI |
| 95 | DOHAD | ZALOD | RUPAKHEDA | III | GoI |
| 96 | DOHAD | ZALOD | PIPLIYA | III | GoG |
| 97 | DOHAD | DEV.BARIA | MOTIKHAJURI | I | GoI |
| 98 | DOHAD | DEV.BARIA | DEVGADH BARIA | IV | GoI |
| 99 | DOHAD | SANJELI | KAVADA NA MUVADA | III | GoG |
| 100 | DOHAD | SANJELI | SANJELI (Thala Sanjeli) | III | GoG |
| 101 | DOHAD | SINGVAD | DASA | I | GoG |
| 102 | DOHAD | SINGVAD | METHAN (Dungarbhit) | I | GoG |
| 103 | GANDHINAGAR | DEHGAM | LAVAD | III | GoG |
| 104 | GIR SOMNATH | KODINAR | ARNEJ | III | GoG |
| 105 | GIR SOMNATH | SUTRAPADA | GORAKHMADHI | III | GoI |
| 106 | GIR SOMNATH | SUTRAPADA | DHAMLEJ | III | GoI |
| 107 | GIR SOMNATH | UNA | KHAPAT | III | GoI |
| 108 | GIR SOMNATH | UNA | KAJRADI | III | GoI |
| 109 | GIR SOMNATH | UNA | DELWADA (UNA) | III | GoI |
| 110 | GIR SOMNATH | VERAVAL | ADRI | III | GoI |
| 111 | GIR SOMNATH | VERAVAL | INAJ | III | GoI |
| 112 | GIR SOMNATH | VERAVAL | VERAVAL URBAN | III | GoI |
| 113 | JAMNAGAR | JAMNAGAR | NAGHEDI | III | GoG |
| 114 | JAMNAGAR | JAMNAGAR | SHEKHPAT | III | GoG |
| 115 | JAMNAGAR | LALPUR | BABARZAR | III | GoG |
| 116 | JUNAGADH | JUNAGADH | KERALA | III | GoG |
| 117 | JUNAGADH | JUNAGADH | PATAPUR | III | GoG |
| 118 | JUNAGADH | MENDARDA | SAMDHIYALA | III | GoG |
| 119 | JUNAGADH | MANGROL | MANGROL | III | GoI |
| 120 | KACHCHH | ABDASA | NALIYA | III | GoI |
| 121 | KACHCHH | ABDASA | NALIYA (Model School ) | III | GoI |
| 122 | KACHCHH | ANJAR | ANJAR (SEEM) | III | GoI |
| 123 | KACHCHH | ANJAR | ANJAR | I | GoI |
| 124 | KACHCHH | BHACHAU | CHOBARI | III | GoI |
| 125 | KACHCHH | BHACHAU | BHACHAU THALUKA | III | GoI |
| 126 | KACHCHH | BHUJ | KODKI | III | GoI |
| 127 | KACHCHH | BHUJ | MADHAPAR | III | GoI |
| 128 | KACHCHH | BHUJ | BHUJ (U) | III | GoI |

| KGBV Status (As on March-25) | | | | | |
|---|---|---|---|---|---|
| **No.** | **District** | **Block** | **KGBV Name** | **Type** | **GOG/GOI** |
| 129 | KACHCHH | GANDHIDHAM | SHINAY (KIDANA) | I | GoI |
| 130 | KACHCHH | GANDHIDHAM | GANDHIDHAM | III | GoI |
| 131 | KACHCHH | LAKHAPAT | DAYAPAR | III | GoI |
| 132 | KACHCHH | LAKHAPAT | DOLATPAR | III | GoI |
| 133 | KACHCHH | MANDVI | FARADI | III | GoG |
| 134 | KACHCHH | MUNDRA | DESHALPAR | III | GoG |
| 135 | KACHCHH | NAKHATRANA | VIRANI MOTI | II | GoG |
| 136 | KACHCHH | RAPAR | BALASAR_TYPE | III | GoI |
| 137 | KACHCHH | RAPAR | RAPAR THALUKA | IV | GoI |
| 138 | KHEDA | VASO | PIJ | III | GoG |
| 139 | MAHESANA | KHERALU | MOTI HIRVANI | III | GoG |
| 140 | MAHESANA | SATLASANA | SATLASANA | IV | GoI |
| 141 | MAHESANA | SATLASANA | VAV | III | GoI |
| 142 | MAHISAGAR | BALASINOR | BALASINOR N.P. WARD NO.2 | III | GoI |
| 143 | MAHISAGAR | KADANA | DINTVAS | II | GoI |
| 144 | MAHISAGAR | KADANA | DARBARGADH(DIVADA COLONY) | IV | GoI |
| 145 | MAHISAGAR | KHANPUR | BAKOR | IV | GoI |
| 146 | MAHISAGAR | KHANPUR | LIMADIYA | III | GoI |
| 147 | MAHISAGAR | SANTRAMPUR | BENDA (SANTRAMPUR) | III | GoI |
| 148 | MORBI | HALVAD | HALVAD | IV | GoI |
| 149 | MORBI | HALVAD | MERUPAR | III | GoI |
| 150 | MORBI | MALIYA | MALIYA | IV | GoI |
| 151 | MORBI | MALIYA | SARVAD | III | GoI |
| 152 | MORBI | WANKANER | MATEL | I | GoI |
| 153 | MORBI | WANKANER | WANKANER | IV | GoI |
| 154 | NARMADA | DEDIYAPADA | NIGHAT | III | GoI |
| 155 | NARMADA | GARUDESHWAR | ZRIYA | I | GoG |
| 156 | NARMADA | NANDOD | HAJARPURA (HJARPARA) | I | GoG |
| 157 | NARMADA | SAGBARA | UMRAN | I | GoG |
| 158 | NARMADA | SAGBARA | SELAMBA | III | GoI |
| 159 | NAVSARI | CHIKHLI | VANZANA | II | GoG |
| 160 | NAVSARI | VANSDA | JAMALIA | III | GoG |
| 161 | PANCH MAHALS | GHOGHAMBA | DHANESHWAR | III | GoI |
| 162 | PANCH MAHALS | GHOGHAMBA | ZAB | III | GoI |
| 163 | PANCH MAHALS | GODHRA | CHANCHOPA (GODHRA) | III | GoI |
| 164 | PANCH MAHALS | GODHRA | CHANCHOPA Model School (Model School ) | III | GoI |
| 165 | PANCH MAHALS | HALOL | DHINKAVA | III | GoI |
| 166 | PANCH MAHALS | HALOL | PRATAPURA (HALOL) | III | GoI |
| 167 | PANCH MAHALS | HALOL | VAGHBOD | II | GoG |
| 168 | PANCH MAHALS | JAMBUGHODA | HAVELI | III | GoG |
| 169 | PANCH MAHALS | JAMBUGHODA | HIRAPUR | III | GoI |
| 170 | PANCH MAHALS | JAMBUGHODA | RAMPURA | IV | GoI |
| 171 | PANCH MAHALS | MORVA HADAF | MORVA HADAF | III | GoI |
| 172 | PANCH MAHALS | MORVA HADAF | BHADARVI F NAGLOD | III | GoG |
| 173 | PANCH MAHALS | MORVA HADAF | RAJAYATA | III | GoI |
| 174 | PANCH MAHALS | SHAHERA | BODIDRA KHURD | III | GoG |
| 175 | PANCH MAHALS | SHAHERA | JUNI PADARDI (NAVI PADARDI) | III | GoI |
| 176 | PANCH MAHALS | SHAHERA | SHAHERA | III | GoI |
| 177 | PATAN | HARIJ | HARIJ | III | GoI |
| 178 | PATAN | HARIJ | JASHVANTPURA | III | GoI |
| 179 | PATAN | RADHANPUR | GOTARKA (TARKA) | III | GoI |
| 180 | PATAN | RADHANPUR | RADHANPUR | III | GoI |
| 181 | PATAN | SAMI | SAMI | III | GoI |
| 182 | PATAN | SANTALPUR | KOLIVADA | III | GoI |
| 183 | PATAN | SANTALPUR | SANTALPUR | III | GoI |
| 184 | PATAN | SARASWATI | BHATSAN | III | GoI |
| 185 | PATAN | SARASWATI | SAMPARA | III | GoG |
| 186 | PATAN | SARASWATI | VAGDOD | III | GoI |
| 187 | PATAN | SHANKHESHWAR | SANKHESWER | III | GoG |
| 188 | PORBANDAR | KUTIYANA | MAHIYARI | III | GoG |
| 189 | PORBANDAR | PORBANDAR | KHAPAT | III | GoG |
| 190 | PORBANDAR | RANAVAV | KHAMBHALA | III | GoG |
| 191 | RAJKOT | JASDAN | JASDAN | IV | GoI |
| 192 | RAJKOT | JASDAN | VIRNAGAR | III | GoG |

| KGBV Status (As on March-25) | | | | | |
|---|---|---|---|---|---|
| No. | District | Block | KGBV Name | Type | GOG/GOI |
| 193 | RAJKOT | VINCHHIYA | VINCHHIYA | III | GoI |
| 194 | RMC | RMC | RMC(WARD NO.11) | II | GoG |
| 195 | SABAR KANTHA | KHEDBRAHMA | BORDI | III | GoG |
| 196 | SABAR KANTHA | POSHINA | DELVADA | III | GoI |
| 197 | SABAR KANTHA | POSHINA | KALAKHETRA (VINCHHI) | II | GoG |
| 198 | SABAR KANTHA | VIJAYNAGAR | MOVATPURA | II | GoG |
| 199 | SURAT | MANDAVI | REGAMA | III | GoG |
| 200 | SURAT | UMARPADA | AMLIDABHADA | IV | GoI |
| 201 | SURAT | UMARPADA | BILWAN | III | GoI |
| 202 | SURENDRANAGAR | CHOTILA | KHERANA | I | GoG |
| 203 | SURENDRANAGAR | CHOTILA | NAVA | IV | GoI |
| 204 | SURENDRANAGAR | CHOTILA | CHIRODA THANGA (RESHAMIYA) | III | GoI |
| 205 | SURENDRANAGAR | CHUDA | CHUDA | III | GoI |
| 206 | SURENDRANAGAR | CHUDA | GOKHARWALA | IV | GoI |
| 207 | SURENDRANAGAR | CHUDA | KHANDIYA | II | GoG |
| 208 | SURENDRANAGAR | DHRANGADHRA | KHAMBHADA | III | GoI |
| 209 | SURENDRANAGAR | DHRANGADHRA | SOLADI | IV | GoI |
| 210 | SURENDRANAGAR | LAKHTAR | LAKHTAR | III | GoI |
| 211 | SURENDRANAGAR | LAKHTAR | LAKHTAR | IV | GoI |
| 212 | SURENDRANAGAR | LIMBDI | LIMBDI | IV | GoI |
| 213 | SURENDRANAGAR | LIMBDI | RALOL | II | GoI |
| 214 | SURENDRANAGAR | MULI | MULI | IV | GoI |
| 215 | SURENDRANAGAR | MULI | GADHAD (MULI) | III | GoI |
| 216 | SURENDRANAGAR | PATDI - DASADA | PATDI DASADA | IV | GoI |
| 217 | SURENDRANAGAR | PATDI - DASADA | PATDI DASADA | III | GoI |
| 218 | SURENDRANAGAR | SAYLA | SHAPAR (DOLIYA) | III | GoI |
| 219 | SURENDRANAGAR | SAYLA | SAYLA | IV | GoI |
| 220 | SURENDRANAGAR | SAYLA | TITODA | I | GoG |
| 221 | SURENDRANAGAR | THANGADH | NALKHAMBHA | I | GoG |
| 222 | TAPI | DOLVAN | DHODKA | III | GoG |
| 223 | TAPI | KUKARMUNDA | UTAVAD | III | GoI |
| 224 | TAPI | NIZAR | MUBARAKPUR | IV | GoI |
| 225 | TAPI | NIZAR | RUMKI TALAV | III | GoG |
| 226 | TAPI | SONGADH | GUNSADA | III | GoI |
| 227 | TAPI | SONGADH | DOSWADA | IV | GoI |
| 228 | TAPI | UCHCHHAL | PANKHARI (MIRKOT) | III | GoI |
| 229 | TAPI | UCHCHHAL | BABARGHAT (VADPADA NESU) | IV | GoI |
| 230 | TAPI | VALOD | KANJOD | III | GoG |
| 231 | THE DANGS | AHWA | AHWA | III | GoG |
| 232 | THE DANGS | AHWA | SAPUTARA | III | GoG |
| 233 | THE DANGS | SUBIR | TIMBARTHAWA | III | GoG |
| 234 | THE DANGS | WAGHAI | WAGHAI | III | GoG |
| 235 | VADODARA | DESAR | RAJU PURA | III | GoG |
| 236 | VMC | VMC | EL WARD 4 FATEPURA -1 (VMC) | III | GoG |
| 237 | VALSAD | DHARAMPUR | MALANPADA (DHARAMPUR) | IV | GoI |
| 238 | VALSAD | DHARAMPUR | MOHNA MULGAM (MOHNA KAUVCHALI) | II | GoG |
| 239 | VALSAD | DHARAMPUR | SADARVERA(GUNDIYA) | III | GoI |
| 240 | VALSAD | KAPARADA | KAPRADA (LUVKER) | III | GoI |
| 241 | VALSAD | KAPARADA | KHADAKVAD | III | GoG |
| 242 | VALSAD | KAPARADA | MANDVA | IV | GoI |